# મોહનવિજયકૃત ચંદરાજાનો રાસ

❑ ડૉ. કીર્તિદા જોશી

'ચંદરાજાનો રાસ' રૂપવિજયના શિષ્ય મોહનવિજયની રચના છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની આ રાસકૃતિની રચના સંવત ૧૭૮૩ને પોષ સુદ પાંચમ છે. ૪ ઉલ્લાસમાં વિભાજીત આ રાસની ૧૦૮ ઢાળ છે અને તેની ગાથા સંખ્યા ર૬૭૯ છે. આટલી વિસ્તૃત આ રચનાનું વૃત્તાંત અદ્‌ભુતરસિક છે.

એકવાર અજાણતાં જ વક્રગતિવાળા ઘોડા પર સવારી કરતા કરતા રાજા વીરસેન જંગલમાં પહોંચી જાય છે. ત્યાં પાણી પીવા અને સ્નાન કરવા નિમિત્તે તે પુષ્કરણી નામની વાવમાં ઊતરે છે. આંતરપ્રાસ અને અંત્યપ્રાસની યોજનાથી કવિએ કરેલું વાવનું વર્ણન ધ્યાનાર્હ છે :

*સકૃપ તવ નૃપ ઉતર્યો, બાંધ્યો હયવર છાંહિ,*
*પાણી પીવા કારણે, પેઠો પુષ્કરણિ માંહિ,*
*જલપૂરી સનૂરી ભૂ તાટંક સમાન;*
*ઘટિત જટિલ બહુફટિકના નિવડ નિવડ સોપાન,*
*વિમળ કમળ જળ ઉપરે પરિમલ બહુ પ્રકાર;*
*ગુણ લીણા સ્વર ઝીણા, પ્રીણા દ્વિરેફ ઝંકાર,*
*નફરી સમ શફરી તિહાં, અવિફરિફરિય અનેક;*
*પંથ શ્રમ મંથર પથિકને પુચ્છથી કરે જળ સેક.*

કવિને વિશેષ રસ કથાવર્ણનમાં છે તેથી તરત કથાતંતુ સાધે છે. વાવમાં ઊતરેલો રાજા વીરસેન જોગીના બંધનમાં ફસાયેલી એક યુવતિને જુવે છે ને તેને બંધનમાંથી મુક્ત કરે છે. યુવતિ પોતાનો પરિચય આપતાં કહે છે કે જલક્રીડા કરવા જતાં જોગીએ મારું અપહરણ કરેલું હતું. હું રાજકુંવરી ચંદ્રાવતી છું અને જ્યોતિષીઓએ મારા માટે ભવિષ્ય ભાખ્યું હતું કે આભાપુરીનો રાજા વીરસેન આ કન્યાનો પતિ થશે. રાજા તેની સાથે લગ્ન કરે છે. વીરસેનના આ નવા સંબંધથી તેની આગલી રાણી વીરમતીને દુઃખ થાય છે. સમય જતાં ચંદ્રાવતીને પુત્ર થાય છે તેનું નામ ચંદ રાખવામાં આવે છે. ચંદ આ રચનાનું નાયક પાત્ર છે. અપરમાતા વીરમતી કથાનું બીજ છે. વીરમતીના મનનો સંતાન ન થવાનો અસંતોષ ચંદરાજાના જીવનમાં દુઃખોની હારમાળા સર્જે છે.

અપત્યસુખથી વંચિત હોવાને કારણે હતાશ થયેલી રાણી વીરમતી એકવાર વિવિધ સ્ત્રીઓને પોતાનાં સંતાનો સાથે આનંદ કરતી જુએ છે ને મનમાં વિચારે છે.

*'અંગજ લેઈ ઉત્સંગમાં રે ન રમાડ્યો જિણે નાર રે*
*તે કાં સરજી સંસારમાં ધિક ધિક અવતાર રે.'*

અપત્યસુખની પ્રાપ્તિ માટે રાણી વીરમતી વિદ્યાધર પાસે વિદ્યા પ્રાપ્ત કરેલા એક પોપટની મદદ લે છે. પોપટ ચૈત્રી પૂનમની રાતે ઋષભદેવ સ્વામીના મંદિરે આવતી અપ્સરાઓને મળવાનું કહે છે. વીરમતી અપ્સરાને મળે છે અને પોતાનું દુઃખ કહે છે ત્યારે અપ્સરા કહે છે :

*'ભાગ્યમાં સુત નથી તાહરે, નિસુણ એક વિચાર રે*
*માટે હું તને તે સુખને બદલે, '*
*'ગગનચરણી, શત્રુહરણી, વિવિધકરણી રૂપ રે,*
*નીરતરણી આદિ વિદ્યા દેઉં તુજ અનૂપ રે.'*

વિવિધ વિદ્યાઓ પ્રાપ્ત થતાં અપત્યસુખની ખેવના છોડી વીરમતી ઉન્મત્ત બને છે. વિદ્યાપ્રાપ્તિ સજ્જનને થાય તો એ એનો ઉપયોગ પારાવાર ઉપકાર માટે કરે છે પણ,

*'વીરમતી વિદ્યા થકી મદમાતી નિરબીહ,*
*જિમ અહિ પંખાળો થયો, જિમ પાખરીઓ સિંહ'*

હવે કથામાં વળાંક આવે છે. વીરસેન અને ચંદ્રાવતી જરાવસ્થાનું જ્ઞાન થતાં ચંદકુમારનાં ગુણાવલી સાથે લગ્ન કરાવીને પુત્ર ચંદકુમારને વિમાતાને સોંપી દીક્ષા લે છે. ચંદકુમાર અપરમાતાને 'કથન ન લોપીશ તુમ તણું' કહી માનાં વચન શિરોધાર્ય કરે છે. ચંદકુમાર-ગુણાવલીનું સહજીવન આનંદથી પસાર થાય છે. અહીં કવિએ ચંદરાજાના વૈભવ અને ઠાઠનું દુહામાં કરેલું વર્ણન નોંધપાત્ર છે. એમાં ખાસ કરીને સમકાળે છએ ઋતુ ચંદરાજાના દરબારમાં વર્તી રહી હતી એ દર્શાવતા વર્ણનમાં કવિની કવિત્વશક્તિનો પરિચય થાય છે :

*મદજળતનું કાળીઘટા, દંત દામિની રંગ;*
*પાઉસ (= વર્ષા =) પરે દરબારમાં, ઉદ્ધત અતિ માતંગ,*
*નાસા કેસર પિચરકી, ફીણ અબીર લસંત;*
*હીષ ધમાલ ગુલાલ ગતિ, ખેલે તુરગ વસંત.*
*નૃપમયંક વાણી સુધા, પ્રજા કર્ણ જિમ સીપ;*
*અવિતથ મોતી નીપજે, સદા શરદ ઉદ્દીપ.*
*નિત નિત નવલાં ભેટણાં, મુખ આગળ દીપંત;*
*કીધાં ધાન ખળાં મનુ, ઋતુ આવે હેમંત*
*ભય હિમથી આનન કમળ, દાધા વેપથુ શીત;*
*અનામી જે આવિ નમ્યા, તિહાં શિશિર સુપવિત્ત.*
*નચ પુર નચ ઘર નચ વચે, નહીં જક કોઈને આધ;*
*અન્ય દેશ રાજા ભણી, સદા દુરંત નિદાઘ.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિમાતા વીરમતીથી ચંદરાજાનાં આ વૈભવ-શાંતિ સહન થતાં નથી તેથી ચતુરાઈથી સ્ત્રીચરિત્ર વડે તે રાણી ગુણાવલીને દેશાંતર જોવા જવા સંમત કરે છે. પ્રાપ્ત વિદ્યાનો દુરુપયોગ કરીને વીરમતી વર્ષાઋતુનું વાતાવરણ નગરમાં કરે છે પછી પોતે ગર્દભીનું રૂપ ધારણ કરીને ખરનાદ દ્વારા નગરીમાં નિદ્રાનો ઉન્માદ પ્રસરાવે છે. કવિએ દુહામાં આ વાતાવરણનું કરેલું વર્ણન લાક્ષણિક છે :

*દૂર્જન જન મન જેહવી શ્યામ ઘટા ઘનઘોર,*
*ઉત્તર વાળી ઉન્હીહી, મોર કરે ઝીંઝોર.*
*દહ દિશી દમકે દામિની, જિમ મનમથ કરવાળ,*
*ગુહિરો અતિ ગાજે ગયણ, કોરણ વહે વિચાળ.*
*જળધારા નિચ્છડ પડે, શીતળ પવન પ્રસાર,*
*સક્કર કક્કર સમ ઉડે, ઝડ મંડે જળધાર.*

પરંતુ, ચંદરાજા વીરમતીની ચંચળતા પામી જાય છે. પોતે ચતુરાઈ કરીને વીરમતી અને ગુણાવલી જે આંબાના વૃક્ષ પર બેસીને દેશાંતર જોવા જવાનાં હતાં તે વૃક્ષના પોલાણમાં સંતાઈ જાય છે. વીરમતી ગુણાવલીને અષ્ટાપદ-પર્વત, સમેતશિખર, અર્બુદાચળ, સિદ્ધાચળ, ગીરનાર આ પાંચ તીર્થો તથા જંબુદ્વીપની ફરતે વલયાકારે રહેલા સમુદ્રનું દર્શન કરાવીને વિમલપુરી તરફ જાય છે. વિમલપુરીના રાજા મકરધ્વજની પુત્રી પ્રેમલાલચ્છીનાં લગ્ન કનકરથના પુત્ર કનકધ્વજ સાથે થવાનાં હતાં. આ લગ્નોત્સવમાં બંને આવે છે. બંને પરણનાર કન્યાના આવાસે જાય છે. ચંદરાજા તેમની પાછળ નગરમાં પ્રવેશ કરે છે ત્યાંજ સેવકો તેમને વરપક્ષના ઉતારે લઈ જાય છે.

હવે શું થશે ? પછી શું થયું ? જેવી કુતુહલવૃત્તિની હારમાળા સર્જતા આ રાસનું વસ્તુ ક્રમશઃ આગળ વધે છે. ચંદરાજા લગ્ન હોવા છતાં રોશની કે ધામધૂમ જોવા ન મળતાં વિચારમાં પડે છે ને એક પછી એક દરવાજો પસાર કરતા જાય છે ત્યાં દરેક દરવાજે 'પધારો ચંદરાય' એમ આવકાર મેળવે છે તેથી તે આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. છેવટે સાતમા દરવાજે પહોંચે છે ત્યાં તેમને રાજા કનકરથ મળે છે. કનકરથ પોતાના કુષ્ઠરોગી અને કદરૂપા પુત્ર માટે મકરધ્વજની પુત્રી પ્રેમલાલચ્છીને પરણી લાવવા ચંદરાજાને આગ્રહભરી વિનંતી કરે છે. ચંદરાજા આ અધમ કૃત્યનો અસ્વીકાર કરે છે એટલે કનકરથ તેમને પોતાનો પરિચય આપી સમગ્ર પરિસ્થિતિ સમજાવીને તેમની મુંઝવણનો અંત આણે છે.

કનકરથ કહે છે કે 'સિંધ દેશના સિંઘલપુર નગરમાં હું અને મારી પત્ની કનકાવતી રહીએ છીએ. અમે નિઃસંતાન હતાં. મારી પત્નીના આગ્રહથી મેં આરાધના કરી ગોત્રજદેવીને પ્રસન્ન કર્યાં અને સંતાનની માંગણી કરી. ગોત્રજદેવીએ મારા નસીબમાં પુત્ર ન હોવાનું કહ્યું પરંતુ દેવીને વિનંતી કરતાં દેવીએ સંતુષ્ટ થઈને વરદાન આપ્યું કે –

*'સુત થાશે એક તાહરે પણ તેહની દેહ કુષ્ટ.'*

મેં કહ્યું –

*'પાયે પડું કરું વિનતિ, અવધારો અરજ મુજ માત.'*

ત્યારે દેવીએ કહ્યું –

*'બાંધ્યાં કરમ જેણે ખરાં, તસ ટાળી ન શકે હોય.'*

સમય જતાં રાણીને આખા શરીરે કોઢવાળો પુત્ર થયો તે પુત્રને કનકધ્વજ નામ આપ્યું. અમે આ કુંવરની લોકો પાસે ખોટી પ્રશંસા કરતા અને કહેતા :

*'રૂપ અધિક નૃપ જાતનો જી સુર કુંવર ઇસ્યો નહીં સ્વર્ગ.'*
*'કોઈ દુષ્ટ નયન સંતાપ, હોવે હેત કુહેતથી જી,*
*લઘુ બાલક ભૂંયરામાંહે, રાખીએ તિણે સંકેતથી જી.'*

હવે એકવાર માલ વેચવા વિમલપુરી ગયેલા વેપારીઓએ મારા પુત્ર કનકધ્વજનાં રૂપગુણની પ્રશંસા ત્યાંના રાજા મકરધ્વજ પાસે કરી. મકરધ્વજે તેમની પ્રશંસાથી પ્રભાવિત થઈને પોતાની પુત્રી પ્રેમલાલચ્છીનો વિવાહ કનકધ્વજ સાથે નક્કી કરી આપવાનું કામ વેપારીઓને સોંપ્યું. કુંવરના રૂપગુણની તપાસ કર્યા વિના લગ્નસંબંધ નક્કી ન થાય એવી સલાહ કનકરથને મંત્રીઓએ આપી. તેથી રાજાએ તેમના ચાર પ્રધાનો અને કુંવરના રૂપની પ્રશંસા કરનાર વેપારીઓને સિંઘલપુર તપાસ કરવા મોકલ્યા. કુષ્ટરોગી કુંવરનો વિવાહ કરવો એ મારા માટે અનૈતિક કાર્ય હતું તેથી મેં અનિચ્છા દર્શાવી પણ મારા મંત્રી હિંસકે કહ્યું :

*'કુળદેવી આરાધશું, કરશું પુત્ર નિરોગ,*
*હિયડાથી રખે હારતા, મેળશું સર્વ સંયોગ.'*

આ મંત્રી હિંસકની ઓળખ એના નામથીજ ભાવકને મળી જાય છે. વળી, કવિને મુખ્યત્વે સીધા પ્રસંગકથનમાં જ રસ છે. પાત્રોના બાહ્ય પહેરવેશ કે તેમનાં કોઈ સૂક્ષ્મ મનોવલણો કે તેમના સારાં કે ખરાબ ગુણ-લક્ષણનાં સીધાં વર્ણન કવિએ ભાગ્યે જ આપ્યાં છે. પણ 'હિંસક' જેનું નામ એની કુટિલતાનો પરિચય કવિ પ્રસ્તુત પંક્તિઓમાં આપે છે :

*'કપટી કુટિલ કદાગ્રહી દુર્મતિ હિંસક નામ,*
*જળ કહે ત્યાં થળ પણ નહીં, ચલવે ડાકડમાળ,*
*રવિ ઉદયાસ્ત લગે સદા, ખોટી હાલ ને ચાલ.'*

પછી કનકરથે કહ્યું કે મકરધ્વજના પ્રધાનોએ પ્રેમલાલચ્છી સાથે રાજકુમારનાં લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂક્યો અને કુંવરને બતાવવાનું કહ્યું. ત્યારે મંત્રી હિંસકે કપટ કર્યું :

*'કુંવર રહે મોશાળ,*
*ઈહાંથી જોયણ દોઢસો, અળગો, અળગો ભણે નિશાળ'*

પરંતુ પ્રધાનોએ કુંવરને જોવાનો આગ્રહ રાખ્યો તેથી

*'મંદિર તેડ્યા મંત્રી રે,*
*તૈલાદિક યોગે નવડાવ્યા, આસણ વાસણ મંડાવ્યાં રે,*
*ભોજન જુગતે શું જમાવ્યા રે*
*સન્માન્યા ભૂષણ આપી રે, જગમાં લોભ સમો નહીં પાપી રે.'*

ને એમ પ્રધાનોને ફોસલાવી લીધા. પ્રધાનોએ પોતાનું કામ પતાવી દીધાની વાત રાજાને કરી તેથી રાજાએ લગ્નનું મૂહુર્ત જોવડાવ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ લગ્ન નક્કી થતાં કનકરથ કહે છે કે મેં કુળદેવીને આરાધીને કુષ્ટરોગમાંથી કુંવરને મુક્ત કરવાનું કહ્યું.

*'તવ દેવીએ ઉપદિશ્યું કર્મરોગ નહીં જાય*

*પણ વારીશ ચિંતા સકળ, કોઈક કરી ઉપાય.'*

પછી પરિસ્થિતિ નિભાવવા ઉપાય દર્શાવ્યો.

*'લગન સમય આભાનૃપતિ, નારી વિમાત સમેત;*

*આવી પરણશે પ્રેમલા, એ તુમ અમ સંકેત.'*

આ રીતે મારી ના છતાં પ્રધાને અયુક્ત કાર્ય કર્યું છે પણ દેવીની મદદ મળતાં અમે સાજનમાજન લઈને આવ્યા છીએ. લગ્નવેળા થતાં પુરોહિતોએ વર પધરાવવાનું કહ્યું પરંતુ કોઈક કોઈક બહાના હેઠળ અમે એને અટકાવી રાખ્યું છે એટલામાં દેવીવચન પ્રમાણે તમે આવી પહોંચતાં તમારે હવે આ કામ કરવું પડશે.

આ હકીકત સાંભળી ચંદરાજા કનકરથને કહે છે :

*'એ તુમ કરવી ન ઘટે અનીત*

*હિંસકને ઓલંભો દીજે કેહી વાતનો હો*

*દીસે છે તુમચી ખોટી જી રીત*

*પરણી કિમ આપું પાછી આછી ગેહિની હો*

*કિણ વિધ લાજવીએ ક્ષત્રીવટ'*

પણ પછી ચંદરાજાને કનકરથ રીઝવી લે છે. ચંદરાજા ભાવિયોગે પાણિગ્રહણ કરવાનું કબુલ કરે છે. વરરાજા બનેલા ચંદરાજાનું કવિએ કરેલું વર્ણન પ્રસન્ન વાતાવરણની અનુભૂતિ કરાવે છે.

*'સિંહલરાયે ચંદનનું કીધું પરમ પવિત્ર,*

*પહેરાવ્યો બહુ મૂલનો, વરનો વેશ વિચિત્ર,*

*રથ સજવાળા સજકિયા, જોડયા વૃષભ તરંગ,*

*રણણ ઝણણ બહુ રણઝણે, રંગાચંગ સુરંગ.*

*લુંબ ઝુંબ ઝાબા લુલિત, શિણગારી સુખપાલ,*

*જાણીએ હરખ સમુદ્રમાં, નાવા તરેય વિશાળ.*

*ફરહરિયા નેજા પવન, ખિંખણીઓ ઝણણંત,*

*ખબર કરે મનુ સુરભણી, ચંદ જેહ પરણંત*

વીરમતી અને ગુણાવલી નગરમાં ફરીને ત્યાં વરને જોવા આવે છે.

ગુણાવલી વરરાજાને જોતાં જ 'બાઈ વર બીજો નહીં, એ મુજ પ્રીતમ કોક' એમ કહે છે પણ ગુણાવલીના સંદેહને વીરમતી સ્વીકારતી નથી.

લગ્નવિધિ પછી સોગઠાંબાજીની રમત રમતાં ચંદરાજા પ્રેમલાલચ્છીને સંકેતથી પ્રયત્ન કરે છે કે પોતે આભાપુરીનો ચંદરાજા છે. ચંદરાજાની સાંકેતિક ભાષાથી વિચક્ષણ પ્રેમલા વિચારમાં પડી જાય છે.

*'રંગ હતો જે પરણતાં તે રંગ નહિ ખેલંત હો*

*એ રંગમેં તે રંગમેં, અંતર અનંતાનંત હો'*

તે દરમ્યાન મંત્રી હિંસક ચંદરાજાને નીકળી જવાનું સૂચવે છે. ચંદરાજા 'આ મેળો આ રાતડી' ઘડીએ વિસરી શકે તેમ નથી પણ

*'સાચી વિમાસણ એહ હો જે ભાડે પરણી પ્રિયા'*

તેથી રાજા 'જિમ અહિ છંડે કંચુકી' એમ પ્રેમલાની ઉપેક્ષા કરીને દેહચિંતા માટે જાઉં છું એવું કપટ કરીને ઊઠી જાય છે. પ્રેમલા સાથે જવાની હઠ કરે છે. ચંદ કહે છે :

*હઠ શું કરો દુર્જન કરશે અદેખ હો*

*અણું ન ઘટે વાધે નહીં, જે વિધિ લખિયા લેખ હો,*

*અકથ એ કથા છે અંગને, બાંધી મુઠી લાખની હો'*

પછી ત્યાંથી નીકળી જાય છે ને આંબાના વૃક્ષની બખોલમાં જઈને બેસે છે. વીરમતી ને ગુણાવલી થોડીવાર પછી વૃક્ષ પર આવે છે. વીરમતી વિદ્યાપ્રતાપે વૃક્ષ ઉડાડે છે. બંને ચંદરાજા સહિત આભાપુરી આવી જાય છે. ફરી પાછું વિદ્યાનો ઉપયોગ કરી વીરમતી પ્રાતઃકાળનું આગમન કરાવે છે. ચંદરાજા વેશ બદલી સૂવાનો ઢોંગ કરે છે. રાણી ગુણાવલી રાજાને જગાડતાં કેટલાંક વચનો બોલે છે જેનાથી ચંદરાજા આગળ જે પરિસ્થિતિ થઈ તેમાં ગુણાવલી નિર્દોષ છે એમ સમજી જાય છે ને વિચારે છે :

*'લાગ્યો સંગ વિમાતાનો તિણે પલટાણી નારી'*

ગુણાવલી પોતાનો દોષ પકડાઈ ગયો છે એમ સમજી જાય છે. તે વિવિધ રીતે પોતાની નિર્દોષતા અને પતિવ્રતાપણાને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. એમ વાર્તાલાપ કરતાં :

*'અંગ વિલોક્યું નારીએ, પેખ્યો પરણિત કંત,*

*થઈ વિલખી જાણ્યા ખરા, વિમળપુરી ઉદંત.'*

ગુણાવલી સાસુને જઈ બધી વાત કરે છે અને ઉમેરે છે કે આપણે મારા પતિને છેતરવા ગયાં પણ આપણે જ છેતરાઈ ગયાં.

*'દેશ વિદેશ જોતાં થકાં, દુહવ્યા છયલ સુલતાન'.*

વીરમતી ગુણાવલીની વાત સાંભળી ક્રોધિત થાય છે ને

*'વહુ મત ધરો ચિંતા શોક લગાર હોં'*

એમ કહી ચંદની હત્યા કરવા તૈયાર થાય છે. અહીં વીરમતીનું વિમાતાપણું સૂચવાય છે. તે કહે છે :

*'હું તને મૂકીશ નહીં, જાઈશ કિંહા તું હેવ*

*ઈણ વેળા સંભાર તું, ઈષ્ઠ હોય જે દેવ*

*છાતી પર બેઠી ચઢી, થયો સભય નૃપચંદ'*

ગુણાવલીની વિનંતીથી વિમાતા ચંદરાજાને જીવતદાન આપે છે પણ ડંસીલી તેનો ડંસ છોડતી નથી. ચંદરાજાનું જીવતર નકામું કરવા જેવું કાર્ય કરે છે. 'દરવક એક કીધો હો મંત્ર્યો મંત્રથી વીરમતીએ તિણિવાર, દોરો લઈ બાંધ્યો હો કંઠે ચંદને તેહથી નૃપ હુવો સુંદર કૂકડો' આ સૃષ્ટિની લીલા કેવી છે ? ભાવિ અન્યથા થતું નથી. ધુરંધર રાજા પક્ષી બની ગયો. રત્નજડિત સિંહાસન પર ને સુવર્ણની હિંચોળા ખાટ પર હિંચકનાર રાજા હવે ઉકરડા પર ને પાંજરામાં લોઢાની સળી પર બેસે છે.

વીરમતી ગુણાવલીને ચંદરાજાને કૂકડો બનાવ્યાની ઘટનાની જાણ કોઈને ન કરવા કહે છે, નહીં તો એનું પરિણામ સારું નહીં આવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી ધમકી આપે છે. ગુણાવલી કૂકડાને પોતાની પાસે રાખે છે ને કાલે સારું થશે એવી આશાએ જીવે છે. કવિ અહીં આશય વિશે કહે છે :

*'ચાલે જગત મંડાણ સકળ આશા વડે,*
*આઠે માસે ચાતુક મુખ જળ લવ પડે.*
*અનળનાં ઈંડાં જેહ તે આશાએ વધે,*
*આશાજાળ વિશાળ બંધાણી છે બધે.'*

હવે પ્રેમલાલચ્છીનું શું થયું તે વિશે કવિ કહે છે. ચંદારાજા પ્રેમલાને છોડી જતો રહ્યો પછી રાત પડતાં તેને કોઢિયા પતિના ઓરડામાં ધકેલી દઈને બહારથી સાંકળ મારી દેવામાં આવે છે. પ્રેમલાને પોતાની સાથે થયેલા તરકટની ખબર પડે છે. તે કનકધ્વજને તિરસ્કારે છે. કહે છે કે મારા પલંગપર બેસવાથી તું મારો પતિ થઈ શકે તેમ નથી.

*'સોવનકળશ બેઠા વતી, શું હોવે હો ગરૂડોપમકાગ.'*

સવારે કનકાવતીની માતાને જાણ થાય છે કે પ્રેમલાએ તેના પુત્રને તિરસ્કાર્યો છે તેથી તે તરકટ રચે છે. રડારોળ કરીને કહે છે કે પ્રેમલાના સંગથી મારા પુત્રને રોગવિકાર થયો છે.

પ્રેમલા પિતાને ઘેર આવે છે. પિતા પણ તેને ધિક્કારે છે. પ્રધાનની સલાહ અને કનકરથની વિનંતીને અવગણીને રાજા પ્રેમલાનો વધ કરવા તેને મારાઓને સોંપી દે છે ને કહે છે

*'જો જીવિત ચાહો તુમે, તો નવિ કરો વિલંબ'*

પ્રેમલા મારાઓ સામે ખડખડાટ હસે છે ને પોતાનો વધ કરવા કહે છે. જીવનના અંત સમયે પ્રેમલાને ખડખડાટ હસવાનું કારણ મારાઓ પૂછે છે. પ્રેમલા કરે છે 'જો રક્ષક જ ભક્ષક બને, જો વાડ થઈને ચીભડા ગળતી હોય તો કોને કહેવા જોઈએ.' મારાઓ આ વાત રાજાને પહોંચાડે છે. છેવટે રાજા પુત્રીને બોલાવીને તેના પતિ વિશેની સઘળી વાત કરવા કહે છે.

પ્રેમલા સઘળા પ્રપંચની જાણ કરે છે અને પોતાને પરણનાર રાજા ચંદ હતો એમ કહે છે.

*'જેહને પરણાવી તુમે તે નહીં પ્રીતમ એહ;*
*પૂરવદિશી આભાપુરી, વીરસેનનો જાત.*
*ચંદનૃપતિ પતિ માહરો, તુમે અવધારો તાત.'*

રાજાને તપાસ કરતાં જાણવા મળે છે કે પ્રેમલાનો વિવાહ કરવા ગયેલા પ્રધાનો ધનની લાલચે વરને જોયા વિના જ તેને જોયો છે એમ ખોટું બોલ્યા હતા. રાજા દીકરીને ધીરજ આપે છે.

*'આણીશ મા તું હીયડે ચિંતા.. તુજ ઉપર કાલે તાત હોશે સુપ્રસન્ન'*

જેને દૈવ રાખે તેનો વાંકો વાળ કરવાને કોઈ સમર્થ નથી. ચંદરાજાની શોધ માટે રાજાએ તજવીજ કરવા માંડી.

આ બાજુ આભાપુરીનો મંત્રી વીરમતીને કહે છે તમે રાજાને કોઈ કારણસર સંતાડી રાખ્યો છે તો હવે પ્રગટ કરો કારણ

*'નૃપ વિણરાજ વિધુંસલા, તે તો ઠાલે ઉખલ બે મુશલા.'*

વીરમતી ચતુરાઈપૂર્વક મંત્રીની વાત ટાળે છે અને કહે છે કે હમણાં રાજા વિદ્યાધર વિદ્યા સાધે છે તેથી હું રાજ્ય ચલાવીશ. મંત્રી સોનાના પીંજરામાંના કૂકડા વિશે પૂછે છે ત્યારે કહે છે કે ગુણાવલીના વિનોદ માટે મેં ખરીદ્યો છે.

એમ ત્રણ વર્ષ પસાર થઈ જાય છે. વીરમતી વિદ્યા વડે અને દેવીની આરાધના કરીને હિમાલયના રાજા હેમરથ સહિત બધા રાજાઓને વશ કરી લે છે. હેમરથ સાથેના યુદ્ધનું વર્ણન તેમાં આવતી ઉપમાઓ અને પ્રાસાનુપ્રાસને કારણે નોંધપાત્ર છે.

*'પ્રબળદળ યુગલ કિલ સબળ હુઆ અચળ,*
*ધરણી ધરણી તણી છંડી માયા,*
*અનશના જાણ પંચાનન તનમના,*
*અરૂણ હુવા ઘણા માડી જાયા*
*ભણણ ભંકાર ભંભરવે કેઈ થયા,*
*કીર્તિ કમળા કર ગૃહણ રાગી.'*

આમ સાત વર્ષ પસાર થઈ જાય છે. આભાપુરીમાં એકવાર નટલોકો ખેલ કરવા આવે છે એમાંના શિવકુમાર નટની પુત્રી શિવમાલા પંખીઓની ભાષા જાણતી હોય છે. તે નાટકના ઉત્તમ ખેલ કરે છે. નાટકને અંતે નટ ચંદરાજાનું યશોગાન કરે છે તેથી વીરમતી નારાજ થાય છે. વળી, નટને કશી ભેટ પણ આપતી નથી. ત્યારે કૂકડારૂપે રહેલા ચંદરાજા સોનાનું કચોળું ચાંચથી પકડી નટ તરફ ફેંકે છે. બીજા દિવસે પણ ખેલ થાય છે. એમાં પણ વીરમતી નટને ભેટ આપતી નથી ને કૂકડો રત્નજડિત કચોળું નટ તરફ ફેંકે છે. આ જોઈ વીરમતી કૂકડાને મારવા તૈયાર થાય છે. ગુણાવલી આજીજી કરીને વીરમતી પાસેથી કૂકડાને ઉગારી લે છે.

ત્રીજીવારના ખેલ વખતે પંખીની ભાષા સમજતી શિવમાલીને કૂકડો પોતાને ભેટરૂપે માગી લેવા કહે છે. શિવમાલા પિતા શિવકુમારને આ વાતની જાણ કરે છે પછી શિવમાલા પોતાના ખેલથી રાણી વીરમતીને રીઝવે છે. શિવકુમાર પર રાણી પ્રસન્ન થાય છે ને ભેટ માગવા કહે છે. શિવકુમાર શિવમાલાની સૂચનાથી કૂકડો ભેટમાં માંગે છે. ગુણાવલી કૂકડો આપવા તૈયાર થતી નથી. મંત્રી ગુણાવલીને સમજાવે છે અને નટને જણાવે છે.

*'ચંદનરેસર એહ છે, પંખી માયે કર્યો ધરી ખેદ'*

શિવમાલા તો આ જાણતી જ હતી. ગુણાવલી શિવમાલાને કૂકડાની ભાળ રાખવા વારંવાર કહે છે.

હવે એક નવી કથા ઉમેરાય છે. નટો દેશદેશ ફરતા પોતનપુર પહોંચે છે. ત્યાંના મંત્રીની પુત્રી લીલાવતી નગરશેઠના પુત્ર લીલાધરને પરણી હતી. એકવાર એક ભીખારીએ લીલાધર પાસે ભીખ માગી તે ન મળતાં ભીખારીએ લીલાધરને મહેણું માર્યું.

*'જે નિજ ભુજબળ ધન ન કમાવે ધિગ્ ધિગ્ જીવિત તેહનું,*
*કુદાકુદ પરાયે પઈસે, કરતાં જાયે કેહનું.'*

તેથી રૂપસુંદર પરદેશ કમાવા જવાની હઠ લે છે. રાજા, મંત્રી અને નગરશેઠ લીલાધર પરદેશ જાય એવું ઈચ્છતા નથી. તેથી જ્યોતિષીને સાધે છે. જ્યોતિષી કહે છે છ-બાર મહિનામાં સારું મુહૂર્ત આવતું નથી માટે પ્રભાતમાં કૂકડો બોલે ત્યારે ઉત્તમ મુહૂર્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણીને તે દિવસે પરદેશ જઈ શકાશે. રાજા ગુપ્ત આદેશ દ્વારા નગરના બધા કૂકડાઓને નગર બહાર પહેલેથી જ મોકલી દે છે. લીલાધર દરરોજ કૂકડો બોલવાની રાહ જુએ છે. એવામાં પેલા નાટકિયા ત્યાં આવી પહોંચે છે. તેઓ પ્રધાનના આવાસની બાજુમાં રાતવાસો રહે છે. સવાર થતાં તેમની પાસેનો કૂકડો બોલે છે એટલે લીલાધર પરદેશ જવાની તૈયારી કરે છે.

લીલાવતી રોષે ભરાય છે. તે રાજાના હુકમનો ભંગ કરનાર નાટકિયા પાસેથી કૂકડો મેળવવા કહે છે. નાટકિયાને વિશ્વાસ આપી કૂકડાને મંત્રી લીલાવતી પાસે લાવે છે. લીલાવતી કૂકડાને કહે છે :

*'વિણ અવગુણ તેં મુજ થકી, વેર વસાવ્યું આજ.*
*તું પંખી વિણ પંખિણી, વનમાં વ્યાકુળ થાય;*
*તો અમે સરજી નારિઉં, પતિવિણ કિમ દિન જાય.*
*અવિવેકી તિર્યંચ તું, નિપટ નિઠુર નિરમોહ;*
*જો તું બોલ્યો ન હોત તો હોત ન કંતાવિછોહ'*

લીલાવતી પોતાના વિરહની વાત કરે છે તે સાંભળી કૂકડાને પોતાની પૂર્વાવસ્થા સાંભળી આવે છે. કૂકડો મૂર્છિત થઈ જાય છે. લીલાવતી તેને શાંત કરે છે. પછી કૂકડો પોતાની વિરહવ્યથા જમીન પર અક્ષરો લખીને જણાવે છે. કૂકડાની વ્યથા સાંભળીને લીલાવતીને થાય છે મારું દુઃખ તો કૂકડા કરતાં ઘણું અલ્પ છે. લીલાવતીને પશ્ચાત્તાપ થતાં તે કૂકડાની ક્ષમા માગે છે ને કૂકડો નાટકિયાને સોંપી દે છે.

નાટકિયા ત્યાંથી નીકળી દેશવિદેશ ફરતા ફરતા વિમલપુરી આવે છે. પ્રસંગવશાત્ તેઓ રાજાને આભાપુરીની વાત કરે છે. મંત્રી કૂકડા વિશે પૂછે છે ત્યારે તે ચંદનરેશને ત્યાંથી મળ્યો હોવાનું કહે છે. નટો ચોમાસું નગરમાં ગાળવાનું નક્કી કરે છે. પ્રેમલા નાટકિયા વિમલપુરીમાં રહે ત્યાં સુધી કૂકડો પોતાની પાસે રાખવા માંગી લે છે.

ચાર માસ પસાર થઈ જાય છે. નાટકિયા આવીને કૂકડો માગે છે. પ્રેમલા કૂકડાને ચાર દિવસ વધુ રાખવા સંમતિ મેળવે છે. તે પછી તે કૂકડાને લઈને પુંડરગિરિની યાત્રાએ જાય છે. પુંડરગિરિ પર એક સૂર્યકુંડ હોય છે જે

*'જાણું સ્વર્ગ શિરિ ભણી, કાઢી દંત હસંત'*

એવો અનુપમ હોય છે. લાંબા સમયના દુઃખથી છૂટવા અને સદ્ગતિ પામવા કૂકડો સૂર્યકૂંડમાં ઝંપલાવે છે. પ્રેમલા કૂકડાને બચાવવા તેની પાછળ કુંડમાં કૂદે છે. પાણી અડતાં અપરમાતાએ ચંદરાજાને બાંધેલો દોરો જે ઘણો જીર્ણ થઈ ગયો હતો તે તૂટી જાય છે ને ચંદરાજા તત્કાળ કૂકડો મટી મનુષ્ય થઈ જાય છે. શાશનદેવી બંનેને બહાર કાઢે છે. પ્રેમલા ચંદરાજાને ઓળખે છે ને પિતાને આ વાતની જાણ કરે છે. યાત્રાએથી પાછા ફરી ચંદરાજા વાજતેગાજતે નગરપ્રવેશ કરે છે.

મકરધ્વજ પોતાની સાથે ઠગઈ કરનાર કનકરથને ભારે દંડ દેવા વિચારે છે પણ ચંદરાજા

*'અવગુણ ઉપર ગુણ કરવો એ સજ્જનતાનું કામ છે'*

એમ કહી તેને બચાવી લે છે. પછી એકવાર રાત્રે ચંદરાજાને રાણી ગુણાવલી યાદ આવે છે. ચંદરાજા ગુપ્ત રીતે ગુણાવલીને અને મંત્રીને પોતાની મુક્તિની વાત જણાવે છે.

વીરમતીને આ વાતની જાણ થતાં તે દેવતાની સહાયથી ચંદને મારી નાખવા તેની પાસે પહોંચે છે પરંતુ ચંદરાજાના પ્રભાવથી દેવતાઓ જ એવી સ્થિતિ સર્જે છે કે વીરમતી મૃત્યુ પામે છે.

પ્રેમલાને લઈ ચંદનરેશ આભાપુરી પહોંચે છે. ગુણાવલી અને પ્રેમલાને પરસ્પર પ્રેમ બંધાય છે. સમય પસાર થતાં બંનેને ક્રમશઃ ગુણશેખર અને મણિશેખર એમ બે પુત્રો થાય છે.

એકવાર મુનિ સુવ્રતસ્વામી આભાપુરીમાં આવે છે. ચંદરાજા તેમને પૂછે કે પોતાનાં કયાં કર્મોને કારણે તેમને ઘણા દુઃખમાંથી પસાર થવું પડ્યું. સુવ્રતસ્વામી રાજાને પૂર્વભવનું વૃત્તાંત કહે છે. એકાદ અપવાદ બાદ કરતાં બધી જ મધ્યકાલીન જૈન રાસકૃતિઓમાં બને છે તેમ રાજાને વૈરાગ્ય થાય છે તેઓ દીક્ષા લે છે. તેમની સાથે બંને રાણીઓ, મંત્રી, નટ, નટપુત્રી પણ દીક્ષા લે છે.

નર્યા અદ્ભુતરસથી ભરપૂર અને કથારસનું પ્રાધાન્ય ધરાવતી આ રચનામાં કથા આરંભથી અંત સુધી એકસરખી ગતિમાં ચાલે છે જેણે કારણે કથારસની ભરપૂર અનુભૂતિ થાય છે. કથાની રજૂઆત સૂત્રબદ્ધ છે. 'હવે શું થશે ?' એવો ઉદ્ગાર ભાવકને થયા કરે અને એક કુતૂહલનો સંતોષ થાય ત્યાં બીજું અને બીજાનું નિરાકરણ થાય ત્યાં ત્રીજું એમ કુતૂહલની માળા ચાલે છે.

કૃતિના વસ્તુના કેન્દ્રમાં મુખ્યત્વે તો જૈનધર્મના ચાર સિદ્ધાંત દાન, શીલ, તપ ને ભાવ છે. તેની સાથે કર્મફળની મહત્તા, પ્રારબ્ધ, સ્વાર્થ નહીં પરમાર્થ જેવા અનેક નાના મોટા વિષયોની ચર્ચા થઈ છે.

કથારસની સાથે, જ્યાં તક મળી છે ત્યાં વર્ણનો થયાં છે. જેમકે, વિમળાપુરીનું, ચંદરાજાની સભાનું, આભાપુરીનું, ઘોડાઓનું, ગુણાવલીના વિરહનું, પ્રેમલાલચ્છીના સૌંદર્યનું વગેરે.

વર્ણનોની જેમ જ્યાં જ્યાં તક મળી છે ત્યાં કવિએ અનુભવજ્ઞાનનાં વાક્યો, કહેવતો, વ્યવહારનીતિનાં શિક્ષાસૂત્રો તથા સુભાષિતોની લ્હાણી કરી છે જેમાં તેમનો બહોળો જીવનાનુભવ અને બહુશ્રુતતા દેખાય છે જેમકે :

* ધતૂરો ખાનાર માણસ બધે સોનું સોનું દેખે છે.
* ઉતાવળથી પાળો થાય ને ધીરજથી મહેલ બંધાય.
* ભાવિ અન્યથા થતું નથી.
* ગ્રહણ ચંદ્ર અને સૂર્યનું જ થાય છે, તારાઓનું થતું નથી.
* કર્મ પાસે સૌ સરખા.
* પુણ્યનો ઉદય થાય ત્યારે બધા સંયોગો અનુકૂળ થઈ જાય છે.
* કરતાં નેહ જગમાં સોહિલી,
  પણ દોહિલું નિરવહિવું.
* ગાંઠ તણી ઊંઘલડી વેચી, ઉજાગરો કુણ આણે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

* દુઃખે પાસું તાસ દુઃખ, અવરને હાંસું થાય;
મીયાંની દાઢી બળે, અન્ય તાપવા જાય.

કથામાંનાં બધાં જ પાત્રો તેમના પૂર્વજન્મના કર્મબળે વિવિધ સંકટોમાં ફસાય છે. કર્મનો ઉદય થતાં સંકટમાંથી મુક્ત થાય છે. પ્રત્યેક પાત્રના પૂર્વજન્મ અને આ જન્મના કર્મફળ વિશે પરસ્પરનો સંબંધ કવિએ જે રીતે નિરૂપ્યો છે તેમાં તેમની વ્યવસ્થિત આયોજનશક્તિનો પરિચય થાય છે.

આ રાસ પદરચના છે જે ગાવાનો હોય છે. કવિએ ગેયતાને અનુરૂપ સઘળી યોજના કરી છે. પ્રત્યેક ઢાળને આરંભે દુહા મૂક્યા છે. દુહા મુખ્ય કથાને આગળ વધારવામાં મદદરૂપ બને છે. દરેક ઢાળના આરંભમાં દેશી આવે છે. દરેક ઢાળની અલગ અલગ એમ કુલ ૧૦૮ દેશી છે જેમાં કવિની બહુશ્રુતતાનો પરિચય થાય છે.

આ ઉપરાંત કવિની ટલીક લાક્ષણિક અભિવ્યક્તિ પણ નોંધપાત્ર છે. જેમકે :

૧. *'જાસ મધુરતાથી થઈ, ખંડ તે ખંડોખંડ'*
(જૈની મધુરતા આગળ ખાં શરમાઈને ટૂકડે ટુકડા થઈ ગઈ.)

૨. *'સુપન તણી વાતે તમે નાકે સળ કાં આણો'*

આ રાસમાં કવિએ દીપવિજયે રચેલા ચંદ-ગુલાવણીના બે પત્રો પણ જોડ્યા છે તેમાં આવતી સમસ્યાઓ ધ્યાનાર્હ છે.

આમ મુખ્યત્વે કથારસપ્રધાનતાની સાથે કેટલાંક સારાં વર્ણનો, પ્રાસાનુપ્રાસની યોજનાનો મહત્તમ ઉપયોગ, કેટલાંક વ્યવહારનીતિનાં શિક્ષાસૂત્રો, કેટલેક ઠેકાણે વસ્તુને રજૂ કરવાની કવિની લાક્ષણિક રીત આ બધી રીતે 'ચંદરાજાનો રાસ' આસ્વાદ્ય રચના છે.

* * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org